## (1) મોનપા હસ્ત નિર્મિત કાગળના સંદર્ભમાં નીચેના પૈકી કયા વિધાનો યોગ્ય છે ?

(1) મોનપા હસ્ત નિર્મિત કાગળએ અરૂણાચલ પ્રદેશની 1000 વર્ષ જુની પરંપરા છે.

(2) હાલમાં ટાટા ઈન્ડસ્ટ્રીઝ દ્વારા તેના પુનરોદ્વાર માટે પ્રયાસ કરવામાં આવ્યો છે.

(3) મોનપાને સ્થાનિક ભાષામાં મોન શુગુ કહે છે.

(4) મોનપા કાગળ શુગુ શેંગ વૃક્ષની છાલમાંથી બનાવવામાં આવે છે.

(A) માત્ર (1), (2), (3) અને (4)　(B) માત્ર (1), (2) અને (4)

(C) માત્ર (1), (3) અને (4)　(D) માત્ર (1), (2) અને (3)

⇛ **જવાબ :- C**

**સમજૂતી :**

⇛ હાલમાં જ "ખાદી અને ગ્રામોદ્યોગ આયોગ" દ્વારા અરૂણાચલ પ્રદેશની મોનપા હસ્તનિર્મિત કાગળના પુનરોદ્વાર માટે પ્રયાસ કરવામાં આવ્યો.

⇛ મોનપા હસ્તનિર્મિત કાગળ પરંપરાની શરૂઆત 1000 વર્ષ પહેલાં થઈ હતી.

⇛ આ કાગળને સ્થાનિક ભાષામાં મોન શુગુ કહેવામાં આવે છે. તે સ્થાનિક જનજાતિઓની સંસ્કૃતિનું અભિન્ન અંગે છે.

⇛ આ કાગળ સાથે ઐતિહાસિક અને ધાર્મિક મહત્ત્વ જોડાયેલું છે. તેનો ઉપયોગ બૌદ્ધ મઠોમાં ધાર્મિક ગ્રંથો અને સ્તુતિ ગાન લખવા માટે થાય છે.

⇛ તેને શુગુ શેંગ નામના વૃક્ષમાંથી મેળવવામાં આવે છે. તેની છાલમાંથી બને છે.

⇛ છેલ્લા 100 વર્ષમાં તે લુપ્ત થવાના આરે હતી.

⇛ 1994માં પ્રથમ પ્રયાસ કરવામાં આવ્યો હતો પરંતુ તેનો પુનરોદ્વાર નિષ્ફળ રહયો હતો.

⇛ KVIC દ્વારા તવાંગમાં તેનો એક એકમ શરૂ કરવામાં આવ્યો છે.

⇛ તેને પ્રધાનમંત્રીના "વોકલ ફોર લોકલ" મંત્ર સાથે જોડવામાં આવ્યો છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## (2) તિહાન આઈઆઈટીના સંદર્ભમાં નીચેના પૈકી કયાં વિધાનો યોગ્ય છે ?

(1) હાલમાં જ વર્ચ્યુઅલ રીતે હૈદરાબાદમાં Tihan-IITની સ્થાપના કરવામાં આવી છે.

(2) તેનો હેતુ નેવિગેશન પ્રણાલીમાં નવાચારનો છે.

(3) તે રાષ્ટ્રીય આંતર–વિષયી સાઈબર–ફિઝીકલ સિસ્ટમ મિશન અંતર્ગત સ્વાયત સંસ્થાના રૂપે કાર્ય કરશે.

(4) હાલમાં જ તેના માટે 135 કરોડ ફાળવવામાં આવ્યાં.

(A) માત્ર (1), (2), (3) અને (4) (B) માત્ર (1) અને (2)

(C) માત્ર (3) અને (4) (D) માત્ર (2) અને (3)

⇛ **જવાબ :- A**

**સમજૂતી :**

⇛ હાલમાં જ ભારતની સ્વાયત નૌવહન પ્રણાલી (જમીન અને હવાઈ) માટે પ્રથમ સંશોધન સ્થળ–તિહાન–IIT હૈદરાબાદની વર્ચ્યુઅલ સ્થાપના કરવામાં આવી.

⇛ ભારત સરકારના DST-વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ દ્વારા રાષ્ટ્રીય આંતર–વિષયી સાઈબ–ફિઝીકલ સિસ્ટમ મિશન હેઠળ સ્વાયત નૌવહન અને ડેટા અધિગ્રહણ પ્રણાલી (UAVS, Rovs) પર એક ઈનોવેશન કેન્દ્ર સ્થાપિત કરવા IIT-હૈદરાબાદને 135 કરોડ ફાળવવામાં આવ્યાં.

⇛ IIT-Hમાં માનવ રહિત વાયુયાનો તથા Rovs માટે સ્વાયત નૌવહન પ્રણાલી પર આધારીત તેને "તિહાન ફાઉન્ડેશન" તરીકે ઓળખવામાં આવે છે. તેને ભાગ-8ના રૂપમાં કંપની તરીકે માન્યતા મળી છે.

**TiHAN-IIT**

⇛ સ્વાયત નૌવહન અને ડેટા અધિગ્રહણ પ્રણાલીના વિશિષ્ટ ડોમેન ક્ષેત્રમાં તે પ્રૌદ્યોગિકીના શોધ તથા વિકાસ પર ધ્યાન આપવાની સાથે UAVS અને RoVs સંબંધિત પડકારોના સમાધાન પર આ કેન્દ્ર ભાર આપે છે.

**ઉદેશો**

⇛ UAVs, RoVsના ક્ષેત્રમાં શોધ અને પ્રૌદ્યોગિકીનો વિકાસ.

**ઔદ્યોગિક સહયોગ**

સંયુકત શોધ અને વિકાસ પહેલ, માર્ગદર્શન, સલાહ, પ્રૌદ્યોગિકી આઉટરીચ યોજનાઓ, કર્મચારીને પ્રશિક્ષણ, સતત શિક્ષા

⇛ માનવ સંસાધન અને કૌશલ વિકાસ.

⇛ ઈનોવેશન, ઉદ્યમશીલતા અને સ્ટાર્ટઅપ તંત્ર.

⇛ આંતરરાષ્ટ્રીય સહયોગ.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

**(3) ડિજિટલ ઈન્ડિયા પુરસ્કારના સંદર્ભમાં નીચેનામાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરો.**

(1) ડિજિટલ ઈન્ડિયા પુરસ્કારની સ્થાપના નેશનલ પોર્ટલ ઓફ ઈન્ડિયા હેઠળ કરવામાં આવી છે.
(2) આ પુરસ્કારને પહેલાં "વેબ રત્ન પુરસ્કાર" તરીકે ઓળખવામાં આવતો હતો.
(3) તેનું સંચાલન વિજ્ઞાન અને ટેકનોલોજી મંત્રાલય દ્વારા કરવામાં આવે છે.
(4) તેને ડિજિટલ ઈન્ડિયા પુરસ્કાર નામ 2014માં આપવામાં આવ્યું હતું.

(A) માત્ર (2) અને (4)　　(B) માત્ર (3)
(C) માત્ર (1)　　(D) માત્ર (1) અને (2)

⇛ **જવાબ :- D**

**સમજૂતી :**

⇛ ડિજિટલ–ગર્વનન્સમાં પહેલો માટે ડિજિટલ ઈન્ડિયા પુરસ્કારની સ્થાપના ભારતના રાષ્ટ્રીય પોર્ટલ હેઠળ કરવામાં આવી છે.
⇛ તેનું સંચાલન કેન્દ્રીય ઈલેક્ટ્રોનિક અને સૂચના મંત્રાલય (MeiTy) અંતર્ગત રાષ્ટ્રીય સૂચના વિજ્ઞાન કેન્દ્ર દ્વારા કરવામાં આવે છે.
⇛ આ પુરસ્કાર પહેલાં 5 વખત (2009, 2012, 2014, 2016 અને 2018) આપવામાં આવ્યો છે. તેને પહેલાં "વેબ રત્ન પુરસ્કાર" તરીકે ઓળખવામાં આવતો હતો.
⇛ વર્ષ 2016થી તેને ડિજિટલ ઈન્ડિયા પુરસ્કાર નામ આપવામાં આવ્યું હતું.

વર્ષ 2020ના પુરસ્કાર
⇛ 22 ડિજિટલ ગર્વનન્સ પહેલોને ડિજિટલ ઈન્ડિયા એવોર્ડ આપવામાં આવ્યો.
⇛ આ વર્ષે મહામારીમાં ઈનોવેશન પુરસ્કાર નામના એવોર્ડની પણ શરૂઆત કરવામાં આવી છે.

મહત્ત્વપૂર્ણ વિજેતાઓ
⇛ ઈ–કોર્ટ પરિયોજના
⇛ આરોગ્ય સેતુ
⇛ ઈ–ઓફિસ
⇛ ઈ–સંજીવની
⇛ બિહાર સહાયતા મોબાઈલ એપ
⇛ મધ્યપ્રદેશ શ્રમ વિભાગના પ્રવાસી શ્રમિક અને રોજગાર સેતુ પોર્ટલ

રાજ્યો
⇛ હરિયાણા, તમિલનાડુ, યુપી અને વેસ્ટ બેંગાલને એકસીલેન્સ ઈન ડિજિટલ ગર્વનન્સ–રાજ્ય/UT શ્રેણીમાં પુરસ્કાર આપવામાં આવ્યો હતો.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

**(4) હાલમાં ગુજરાતના નર્મદા જિલ્લામાં ESZની ઘોષણા કરવામાં આવી છે તો તેના સંદર્ભમાં યોગ્ય વિકલ્પ પસંદ કરો.**

(1) પર્યાવરણ, આબોહવા પરિવર્તન અને વન મંત્રાલય દ્વારા 121 ગામોને પર્યાવરણ સંવેદી ક્ષેત્ર (ESZ) જાહેર કરવામાં આવ્યા.

(2) તે અંતર્ગત શુલપાણેશ્વર અભ્યારણનો પણ સમાવેશ થાય છે.

(3) જનજાતીય સમુદાયો અનુસુચિ-5માં અપાયેલ તેમના હક્કોના ઉલ્લંઘનના રૂપમાં આ આદેશને માને છે.

(4) PESA, 1996 અંતર્ગત નર્મદા જિલ્લાનો સમાવેશ થાય છે.

(A) માત્ર (1), (2) અને (3) (B) માત્ર (1), (2) અને (4)

(C) માત્ર (1), (3) અને (4) (D) આપેલ તમામ

⇛ જવાબ :- D

**સમજૂતી :**

⇛ હાલમાં પર્યાવરણ, આબોહવા પરિવર્તન અને વન મંત્રાલય દ્વારા નર્મદા જિલ્લાના શુલપાણેશ્વર અભ્યારણ સહિત 121 ગામોને ESZ-ECO-Sensititve zone જાહેર કરવામાં આવ્યાં છે. જનજાતિય સમૂહો આ આદેશનો વિરોધ કરી રહ્યા છે.

વિરોધના મુખ્ય કારણો

⇛ પર્યાવરણીય સંવેદન ક્ષેત્ર હેઠળની ભૂમિનો વાણિજ્યક, ઔદ્યોગિક કે રહેણાંક તથા ગેર–કૃષિ હેતુ માટે ઉપયોગ કરી શકાતો નથી.

⇛ કોઈપણ ભૂમિનું હસ્તાંતરણ સરકારની મંજૂરીથી જ થઈ શકે છે.

⇛ રાજ્ય સરકારને 121 ગામડાંઓની જમીનનું સહ–સ્વામિત્વ આપવા માટે પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે.

⇛ જનજાતિય સમુદાયો મુજબ, આ સરકારી આદેશ સંવિધાનની અનુસૂચિ-5(V) અંતર્ગત અધિક્ષેત્રોમાં લાગુ PESA, 1996 હેઠળ ગ્રામીણો અને ગ્રામ સભાઓમાં નિહિત શકિતઓને પ્રભાવિત કરશે.

⇛ પાંચમી અને છઠ્ઠી અનુસૂચિ અમુક ક્ષેત્રોને વૈકલ્પિક કે વિશેષ સત્તા પુરી પાડે છે.

**PESA, 1996**

⇛ ગુજરાતે જાન્યુઆરી, 2017માં PESAના નિયમો રાજ્યના 8 જિલ્લાઓની 4503 ગ્રામ પંચાયતોને લાગુ પાડયાં છે.

શુલ પાણેશ્વર વન્યજીવ અભયારણ

⇛ ઈ.સ. 1982માં પ્રથમ વખત તેને સંરક્ષીત ક્ષેત્ર ઘોષિત કરવામાં આવ્યું હતું.

⇛ 150.87 વર્ગ કિ.મી.માં ફેલાયેલ આ ક્ષેત્રને પહેલાં ડુમખલ અભયારણ કહેવામાં આવતું હતું. તેને સ્લોથ રીંછ માટે બનાવવામાં આવ્યું હતું.

⇛ વર્ષ 1987 અને 1989માં તેને 607.70 વર્ગ કિ.મી. સુધી વિસ્તારીત કરવામાં આવ્યું હતું તથા તેનું નામ બદલીને "શુલ પાણેશ્વર વન્યજીવ અભયારણ" કરવામાં આવ્યું હતું.

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

**(5) આસામ રીઅપિલિંગ બિલ, 2020ના સંદર્ભમાં નીચેના પૈકી કયાં વિધાનો સાચાં છે ?**

(1) આ બિલ મદરેસાઓને નિયમિત સ્કુલોમાં બદલવા માટે લાવવામાં આવ્યું છે.
(2) તે આસામ મદરેસા (પ્રાંતીયકરણ) અધિનિયમ, 1995 અને આસામ મદરેસા શિક્ષા (કર્મચારી સેવા પ્રાંતિયકરણ અને મદરેસા શૈક્ષણિક સંસ્થાન પુનઃસંગઠન) અધિનિયમ, 2018ને રદ કરવા લાવવામાં આવ્યું છે.
(3) આ મદરેસા નિયમિત સ્કુલોમાં બદલાતાં 'મદરેસા' નામ હટાવી લેવામાં આવશે.
(4) તેને 1 એપ્રિલ, 2022થી લાગુ કરવામાં આવશે.

(A) આપેલ તમામ (B) માત્ર (1), (3) અને (4)
(C) માત્ર (1), (2) અને (4) (D) માત્ર (1), (2) અને (3)

⇛ **જવાબ :- A**

**સમજૂતી :**

⇛ હાલમાં જ આસામ વિધાનસભાએ ધાર્મિક શિક્ષા કેન્દ્રના રૂપમાં સંચાલિત મદરેસાને નિયમિત સ્કુલોમાં પરિવર્તિત કરવા માટે આસામ રીઅપિલિંગ બિલ, 2020 પસાર કર્યું છે.

⇛ તેને 1 એપ્રિલ, 2022થી કુમાર ભાસ્કર વર્મા સંસ્કૃત અને પ્રાચીન અધ્યયન વિશ્વ વિદ્યાલય, નલબાડી દ્વારા શરૂ કરવામાં આવનાર સર્ટિફિકેટ/ડિપ્લોમાં ડિગ્રી પાઠ્યક્રમોના અધ્યયન માટે પ્રાંતીય સંસ્કૃત પાઠશાળાને અધ્યયન કેન્દ્ર, અનુસંધાન કેન્દ્ર અને સંસ્થાનોમાં પરિવર્તિત કરવામાં આવશે.

⇛ આ બિલનો હેતુ હાલમાં ચાલતા 2 અધિનિયમને રદ કરવાનો છે.

1. આસામ મદરેસા શિક્ષા (પ્રાંતીયકરણ) અધિનિયમ, 1995
2. આસામ મદરેસા શિક્ષા (ર્મચારી સેવાનું પ્રાંતીયકરણ અને મદરેસા શૈક્ષણિક સંસ્થાનોનું પુનઃસંગઠન) અધિનિયમ, 2018.

⇛ નવા બિલમાં રાજ્ય બોર્ડ હેઠળ સંચાલિત ખાનગી મદરેસાને પણ શામિલ કરવામાં આવ્યાં છે.

⇛ માધ્યમિક શિક્ષા બોર્ડ, આસામ દ્વારા સંચાલિત મદરેસાને નિયમિત સ્કુલોમાં ફેરવ્યા બાદ તેમના નામ અને કાર્ય માટેનો મદરેસા શબ્દ હટાવી લેવામાં આવશે.

⇛ તેને મુસ્લિમ સમુદાયના સશકિતકરણ માટેના મહત્ત્વપૂર્ણ કદમ તરીકે ઓળખવામાં આવે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ**
**તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે**
**નીચે આપેલા અમારા**
Social Media Icon **પર** Click **કરો.**

JOIN OUR WHATSAPP GROUP
joinicerajkot.com

JOIN OUR TELEGRAM
t.me/icerajkotofficial

YouTube
ICE RAJKOT

Instagram
ICE RAJKOT

Facebook
like | comment | share
ICE RAJKOT

twitter
ICE RAJKOT